# દુભાષિયા

દુભાષિયા એ ભાષણ વ્યાવસાયિક છે જે બે કે તેથી વધુ પક્ષો જ્યારે એક બીજાની ભાષા સમજી ન શકતા હોય ત્યારે તેમની વચ્ચે રહીને તેમની ભાષાનો અનુવાદ કરે છે. દુભાષિયાએ તેમના અર્થઘટનમાં નિષ્પક્ષ રહેવું જોઈએ અને તમામ હકીકતો સુવાચ્ય, સુસંગત તેમજ સંક્ષિપ્ત રીતે રજૂ કરવા જોઈએ.

## વ્યક્તિગત નિપુણતા

- તમને નવી ભાષાઓ શીખવી/બોલવી ગમે છે
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે સારા શ્રોતા છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૩૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.




## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. તમારી પસંદગીની ભાષામાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, સમાન વિષયમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

અથવા

તમારી પસંદગીના વિષયમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારપછી, તમારી પસંદગીની ભાષામાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

દુભાષિયાનું અંદાજીત માસિક વેતન
રૂ. ૨૪,૫૦૦ થી ૮૩,૪૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Interpreter_or_Translator/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** શાળાઓ, હોસ્પિટલો, કોર્ટરૂમ, મીટીંગ રૂમ, કોન્ફરન્સ સેન્ટર.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે આ વ્યવસાયમાં ફ્રીલાન્સિંગ સેવાઓ આપી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહયોગી દુભાષિયા → દુભાષિયા → વરિષ્ઠ દુભાષિયા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વૉઇસ ઓવર આર્ટિસ્ટ, ડબિંગ એક્સપર્ટ, વૉઇસ એક્ટર

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ભાષા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**
સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.


**સરકારી સંસ્થાઓ**
૧. અનુગ્રહ નારાયણ કોલેજ, પટના
૨. અવ્વયાર ગવર્મેન્ટ કોલેજ ફોર વુમન, કરાઈકલ
૩. એમ.એસ.યુ., વડોદરા
૪. ડિબ્રુગઢ હનુમાનબક્ષ સૂરજમલ કનોઈ કોલેજ, ડિબ્રુગઢ
૫. બી.એમ.ટી.યુ., રાજપીપલા
૬. સ્કૂલ ઓફ ઓપન લર્નિંગ, દિલ્હી
૭. ઇવિંગ ક્રિશ્ચિયન કોલેજ, અલ્હાબાદ
૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**
(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)
૧. પીડીઈયુ, ગાંધીનગર
૨. આચાર્ય જગદીશ ચંદ્ર બોઝ કોલેજ, કોલકાતા
૩. અન્નાઈ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તમિલનાડુ
૪. મધ્યાંચલ પ્રોફેશનલ યુનિવર્સિટી, ભોપાલ
૫. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૬. આચાર્ય ઇન્સ્ટિટ્યુટ ઓફ ગ્રેજ્યુએટ સ્ટડીઝ, બેંગલુરુ
૭. જીયુએનઆઈ, મહેસાણા
૮. જીજીયુ, સિધ્ધપુર, ગુજરાત

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**
• ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
• ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**
• www.skillindiadigital.gov.in
• www.ncs.gov.in
• https://anubandham.gujarat.gov.in



## સાફલ્ય ગાથા

**સવિતા રેડ્ડી** દક્ષિણ ભારતના ફિલ્મ ઉદ્યોગના પ્રખ્યાત ડબિંગ કલાકાર છે. આ ક્ષેત્રમાં તેમને ૨૦થી વધુ વર્ષોનો અનુભવ છે અને તેમણે ૧,૦૦૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. તેણે અન્નામલાઈ યુનિવર્સિટીમાંથી એડવર્ટાઈઝિંગમાં એમ.બી.એ. કર્યું છે. ફિલ્મ ઉદ્યોગમાં તેમને પહેલો બ્રેક ત્યારે મળ્યો જ્યારે તેણીએ તેલુગુ ફિલ્મ "કાલીસુંદમરા"માં અભિનેત્રી ઋષિબાલા નવલ અથવા સિમરન માટે અવાજ આપ્યો, ત્યારપછી તેણીને અનેક ડબિંગ પ્રોજેક્ટ્સ મળ્યા છે.*

સ્રોત: https://www.newindianexpress.com/entertainment/tamil/2016/apr/23/Ever-Unseen-But-Never-Unheard-927739.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.